જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૨/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૧૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૬૦૧ લીટર દેશી દારૂ, ૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૧૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

પર્સ ઝુટવી લઈ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૭૧૨/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ ભાવનાબહેન વા/ઓ પિયુષભાઇ પટેલ (ઉ.વ.૪૯) (રહે માંગલ્ય રો–હાઉસ જે.જે.ઇન્ટરનેશનલ સ્કુલ પાછળ ઘાટલોડીયા) તા.૦૨/૧૨/૨૦૨૫ સાંજના ૦૫/૦૦ વાગ્યાના સુમારે થલતેજ પેલેડીયમ મોલ પાછળની ગલીમાં પેલેડીયમ મોલના ગેટ નંબર–૬ આગળથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ટીવા ઉપર આવેલ એક પુરૂષ ભાવનાબહેન પટેલના ખભામાં ભરાવેલ પર્સ ઝુટવી લઈ નાસી ગયો હતો. જે પર્સમાં એપલ કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫૫,૦૦૦/– અને રોક્ડ રૂપિયા ૪૦,૦૦૦/– હતા. આ અંગેની ફરીયાદ ભાવનાબહેન પટેલે તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પુ.મ.સ.ઈ.શ્રી કાજલબહેન ગોરધનભાઈ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૭૧૩/૨૦૨૫**

નારોલઃ કિરણ રાજ મેટરનીટી એન્ડ મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ પ્રાઇવેટ લિમિટેડ શ્રી રાજ હાઇટ્સ નારોલ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા બાબુભાઇ મગનભાઇ આડ (ઉ.વ.૩૦) (મુળ વતન. ગામ–પાંચ મહુડા તા–કાનગોર તલાઈ જી–બાસવાડા રાજસ્થાન) તા.૦૪/૧૨/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે સાઇટ ખાતે માલ–સામાન ચઢાવવાની લીફ્ટનું સમાર કામ કરતા લીફ્ટ તેમની ઉપર પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને વટવા વેદ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંદનસિંહ રઘુનંદનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી